# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/288 Dt. 09/01/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત 'જીવન ગણિત' શ્રેણી અંતર્ગત અંકિત ત્રિવેદીએ આનંદનું ગણિત સમજાવ્યું

### આજની પેઢી પાસે કમ્યુનિકેશનના અઢળક સાધનો પણ શું કમ્યુનિટે કરવું એ ખબર નથી, આનંદ 'સેવ' કરવામાં નહીં 'અપગ્રેડ' કરવામાં રહેલો છે: અંકિત ત્રિવેદી

### જીવતેજીવ અહીં જ સ્વર્ગ રચવું એ જ ખરું આનંદનું ગણિત: પદ્મશ્રી યઝદી કરંજિયા

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજિત અને અત્યંત લોકપ્રિય બની રહેલી 'જીવન ગણિત' શ્રેણી અંતર્ગત ગુરુવાર, તા. ૪ જાન્યુઆરીના રોજ સાંજે 5:00 કલાકે સમૃદ્ધિ ખાતે પ્રખ્યાત કવિ અને સાહિત્યકાર શ્રી અંકિત ત્રિવેદીએ તેમની આગવી શૈલીમાં આનંદનું ગણિત સમજાવીને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે આ શ્રેણીને જોરદાર આવકાર મળ્યો છે અને આશા છે કે આઠેઆઠ દિવસ આ પ્રેક્ષકો શ્રેણીની મજા માણશે, તેને જીવનમાં ઉતારશે.

પીઢ નાટ્યકાર અને શિક્ષણવિદ્ પદ્મશ્રી શ્રી યઝદી કરંજિયાએ અતિથિ વકતવ્ય આપતા તેમની રમૂજી શૈલીમાં કહ્યું કે આનંદનું ગણિત સમય સાથે બદલાતું હોય છે. બાળપણમાં રમકડાં, યુવાનીમાં પ્રેમ, પરણ્યા પછી પૈસા અને જૈફ વયે પૌત્રો-પૌત્રી આનંદ આપતા હોય છે. આનંદ સાથે વિવેક મળે તો આપણાથી પણ વિવેકાનંદ થવાય. મર્યા પછી સ્વર્ગમાં જવું એ બહુ મહત્વનું નથી, જીવતેજીવ અહીં સ્વર્ગ રચવું એ જ ખરું આનંદનું ગણિત છે. હૈયામાં પ્રીત, ગળામાં ગીત ને હોઠો પર સ્મિત એ જ ખરું આનંદનું સંગીત.

શ્રી અંકિત ત્રિવેદીએ તેમના આગવા અંદાજમાં ગઝલ અને કાવ્ય પંક્તિઓ, શાયરીઓ દ્વારા આનંદનું ગણિત સમજાવતા કહ્યું કે આનંદ તો શબ્દાતીત છે. આનંદ તો દુ:ખમાંય છે ને સુખની ચરમસીમાએ પણ છે. રમૂજી ટૂચકાઓ દ્વારા આનંદની વ્યાખ્યા આપતા તેમણે કહ્યું કે લોકોની તકલીફ એ છે કે બીજો મારો કરતા વધારે સારી રીતે જીવે છે. આપણે આ જગતથી જુદા છીએ એવું માનવામાં વર્ષો કાઢી નાખીએ છીએ. આજની પેઢી પાસે આંગળીના ટેરવે કૉમ્યુનિકેશનના સાધનો છે પણ શું કમ્યુનિકેટ કરવું એ ખબર નથી. આજની પેઢી 30 સેકન્ડની રીલ પણ શાંતિથી જોઇ શકતી નથી. લોકો મોબાઈલમાં સેંકડો ફોટા પાડે છે, પણ સમય પર ફોટો મળતો નથી. સેવ કરેલો ડેટા મળતો નથી. આનંદ સેવ કરવામાં નહીં, અપગ્રેડ કરવામાં રહેલો છે. રૂપિયા જરૂરી છે પણ એનાથી જીવનનો આનંદ મળતો નથી. તેમણે પ્રેક્ષકો સાથે રસપ્રદ પ્રશ્નોત્તરી પણ કરી અને પ્રેક્ષકોની ફરમાઈશ પર તેમણે નવી નક્કોર કવિતાઓ પણ સંભળાવી હતી.

ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ વક્તાઓનો પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી રૂપિન પચ્ચીગરે કર્યું હતું. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ આભારવિધિ કરી હતી.